वर्ष : २३ सने : २०२४ सं.२०८१
अंक : ५, સળંગ અંક-૧૩૪ कारतक-नवम्बर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૩ સને ૨૦૨૪ સં.૨૦૮૧

અંક : ૫ કારતક-નવમ્બર સળંગ અંક-૧૩૪



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહલાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ કર્મવિપાક ચિંતન અષ્ટક-૩

★ પૂજ્ય ગુરુદેવનાં પાવન પગલે... વચને... બોરસદ

★ પૂજ્ય ગુરુદેવનાં પાવન પગલે... વચને... વડોદરા


## આર્ષવાણી

**अज्ञानाद् रमते बालः,**

**स्वपुरीषेऽपि मुग्धधी :।**

**जुगुप्सीनीये मोहान्ध-**

**स्तथा विषयकदमे।।**

**અજ્ઞાનતાના યોગે મુગ્ધ બુદ્ધિવાળો બાળક પોતાની વિષ્ટામાં રમે છે, તે જ રીતે મોહાંધજીવ જુગુપ્સાયોગ્ય પાંચ ઈન્દ્રિયના વિષયોમાં લંપટ બને છે.**

જે રીતે કુવેચ લાગવાથી માનવ તેની ખણજનાં દુઃખને સુખ માની લે છે. તે જ રીતે મોહથી ઘેરાયેલા જીવો વિષયના દુઃખને સુખરૂપ માને છે.



# ★ કર્મવિપાક ચિંતન અષ્ટક-૩ ★★★

**વિવરણ : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

જગતના તમામ જીવોને ઘેરી લેનાર, જગત ભેગું થઈનેય જેનો પ્રતિકાર ન કરી શકે એવી કર્મ સત્તા પર ચિંતન કરાવનાર ૮ ગાથાના પ્રકરણ પર વિચારણા ચાલી રહી છે. કર્મના હાથ કેટલાં લાબા છે ? અનંતાનંત જીવો પર કેવી એની હકુમત ચાલે છે એની શક્તિ આગળ બળવાન ગણાતા ઈન્દ્ર અને ચક્રવર્તી પણ કેવા વામણા પુરવાર થાય છે ? નિકાચિત કર્મના ઉદયને શ્રીતીર્થંકર ભગવંતોય ટાળી શકતા નથી...

બીજી ગાથામાં કર્મસત્તા જ્યારે માથું ઊંચકે છે - બળવાન બને છે ત્યારે અથાત્ અશુભકર્મનો ઉદય થાય છે ત્યારે ગમે તેટલા ઊંચે ચઢેલાનેય નીચે પાડી દે છે ! એવી ધોબીપછાડ આપે છે કે - તેનાં મનબળ-વચનબળ-કાયબળ એવા ખોખરાં થઈ જાય છે કે માથું તો ઊંચુ ન થાય (ઉન્નતન રહે) પણ આંખ ઊંચી કરીને જોવાની પણ ક્ષમતા નથી રહેતી. શરમથી માથું ઝૂકી જાય છે. અભિમાનનો પારો નીચે ગબડી જાય છે... રાજા રંક-ભીખારી થઈને ફરે તોય કોઈ ભીખ આપતું નથી. છપ્પનભોગ-બત્રીસ પકવાન ને તેત્રીસ વ્યંજન આરોગનારાને એઠું-જૂંઠુંય મળતું નથી. પેટનો ખાડોય બિચારો ભરી શકતો નથી!

હવે ત્રીજી ગાથામાં ઊલટી વાત કરે છે. પાપનો ઉદય પૂરો થાય ને પુણ્યનો ઉદયકાળ શરૂ થાય... એમાંય પ્રબળ પુણ્યોદય થાય ત્યારે તો હલકી જાતિમાં જન્મેલો અને બુદ્ધિની ચતુરાઈ વગરનો હોય તોય તે રાતોરાત રાજા બની જતો દેખાય છે. તે જ વાતને જણાવતી ગાથા જુઓ-

**जातिचातुर्य हीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।**

**क्षणाद् रङ्कोऽपि राजा स्याच्छत्रच्छन्नदिगन्तरः।।३।।**

**ભાવાર્થ :** જાતિથી હીન હોય, બુદ્ધિની ચતુરાઈના કોઈ ઠેકાણાં ન હોય તેવી વ્યક્તિ પણ પુણ્યકર્મનો ઉદય થતાં જ (નંદ આદિની જેમ) ક્ષણવારમાં છત્રથી દિશામંડલને ઢાંકી દેનારો રાજા થઈ જાય છે !!૩.

નીચેગોત્રના ઉદયે હીન કુળ-જાતિમાં ઉત્પન્ન થયેલ હોય... હલકાવર્ણનો ગણાતો હોય, લોકો ધિક્કારતા હોય... માન આપવાની વાત તો યોજનો દૂર રહી પરંતુ ડગલે ને પગલે અપમાનનો જ ભોગ બનતો હોય, રહેવા માટે બંગલા તો સ્વપ્નમાંય નહીં પરંતુ સામાન્ય ઘર કે ઝૂંપડાનીય સગવડ ન મળી હોય, શરીરના મેકઅપ તો ન મળે પરંતુ માથામાં નાંખવાનું તેલ સુદ્ધાં ન મળતું હોય... પેટનો

ખાડો ત્રણ ટાઈમ નહીં એક ટાઈમ પણ ન ભરાતો હોય... કર્મસત્તાની જોહુકમી ચારેબાજુથી ભીંસમાં લઈ રહી હોય... રાત્રે ઊંઘ ન આવતી હોય ને દિવસે ચેનથી રહેવા ન દે... આવી... આવી કપરી સ્થિતિ-દયામણી હાલતમાં જીવતો હોય... એવાને ભાગ્યની આડેથી પાંદડું (જે આવરણરૂપ હતું તે) ખસી જતાં ને પુણ્યનો ઉદય થતાં ભાગ્યના જોરે ક્ષણવારમાં રાજા બની જાય છે.

પાપનો ઉદય જેમ રંક બનાવી દે છે તેમ પુણ્યનો ઉદય રાજા બનાવી દે છે ! પાપનો ઉદય થાય ત્યારે જેમ ચારે બાજુથી આપત્તિઓનાં ધાડાં છૂટે છે. વિપત્તિઓ ઘેરો ઘાલે છે; તેમ પુણ્યકર્મ-શુભકર્મનો ઉદય શરૂ થાય ત્યારે ચારે બાજુથી સંપત્તિઓ મળતી જાય છે. વિપત્તિઓ વિદાય લેવા માંડે છે. માંગવા થતાં કાંઈ નહોતું મળતું તેની જગ્યાએ વગર માંગે-જરૂરિયાત કરતાંય વધારે મળવા લાગે છે. સખત પરિશ્રમના અંતે ફળ નહોતું મળતું હવે વગર મહેનતે રિઝલ્ટ મળે છે. મેળવવાની ચિંતાની જગ્યાએ ક્યાં મૂકવું ? કઈ રીતે ભોગવવુ ને કેમ સાચવવુ તેની વિચારણાઓ કરવાનો અવસર આવે છે. કેવા ગજબ છે પુણ્ય-પાપના ખેલ ? કેવી અકળ લીલા છે શુભ-અશુભ કર્મોની ?

જ્યાં સંભાળ રાખનાર માતા-પિતા-ભાઈ-બહેન વગેરે કોઈ પરિવાર નહોતો ત્યાં  રાજરાણીઓ,સંતાનો,શેઠ-શાહુકાર,પ્રધાનો-મંત્રીઓ,સિપાઈ-સેનાપતિઓ,પહેરેગીરો,પ્રજાજનો અછોવાનાં કરે છે, સલામી ભરે છે. સેવા કરનાર દાસ-દાસીઓનો, સેવકોના બહોળો, કાફલો રાત-દિવસ તહેનાતમાં રહે છે. રોટલા-ઓટલાનાય ફાંફાં હતાં ત્યાં અત્યારે ભાગનવી વિપુલ સામગ્રી-ષટ્રસ ભોજન અને મહેલાતો મળે છે.

જ્યાં જાતને બચાવવાની મથામણ ચાલતી હતી ત્યાં હવે ચોવીસ કલાક સશસ્ત્ર પહેરો ભરનારા સંત્રીઓનો મોટો કાફલો રહે છે. જ્યાં બે સંતનોને શું ખવડાવીશ ? ક્યાં સૂવાડીશ ? તેમને પહેરાવવાનાં કપડાં ક્યાંથી લાવીશ, તેની ચિંતા સતાવતી હતી ત્યાં હવે ધાવમાતાઓ-નોકર-ચાકર,સગા-સંબંધીઓની લાઈન લાગે છે. ખવડાવવા-પીવડાવવા અને પહેરવાની સામગ્રીના એટલા ઢગલા થવા લાગ્યા કે શું ખવડાઉં ? શુ પીવડાઉં અને ક્યાં કપડાં પહેરાઉં ? તેનાં વિકલ્પોમાં અટવાઈ જવાય છે.

પાપના ઉદયકાળે લોહીના સંબંધવાળા એક દીકરાં કે દીકરીને પાલવવા મુશ્કેલ હતાં ત્યાં લાખોનું પાલન-પોષણ કરી શકે એવી સ્થિતિ ઊભી થઈ ગઈ. જ્યાં મને કે મારાં સંતાનોને જોઈને લોકોને દયા આવતી ને લોકોની સુખસામગ્રી જોઈ મને ઈર્ષ્યા થતી તે જ લોકો હવે મારી સ્થિતિ સુધરતાં-મને પદપ્રતિષ્ઠા મળતાં મારી પ્રત્યેની ઈર્ષ્યા કરનારો વર્ગ હવે મોટો થઈ જાય છે. અલબત્ત, મારા પુણ્ય



પ્રતાપે તેમની ઈર્ષ્યાની આગ મને નહોતી દઝાડતી... તે આગનો ભોગ પોતે જ બનતા....!

અપુત્રિયા રાજાના મરણબાદ જ્યારે રાજ્યના નિયમ પ્રમાણે શિક્ષિત હાથીની સૂંઢમાં પાણીથી ભરેલો કળશ અપાય છે. તે અચાનક ઝાડ નીચે સૂતેલા, પાપના યોગે ખાવા-પીવાના-રહેવાનાં સાંસાં પડવાના યોગે ઘર-ગામ છોડીને ચાલ્યા ગયેલા નિરાધાર બનેલા વિદ્યાપતિના માથે કળશમાંથી અભિષેક કરે છે... ને પુણ્યના યોગે તેને ત્યાંના પ્રધાનો-મંત્રીઓ-પ્રજાજનો રાજા ઘોષિત કરી દે છે.  ક્ષણવારમાં કેટલું મોટુ પરિવર્તન !?! જાણે ગાંગો તેલી રાજા ભોજ બની ગયો ! ગાળો અને અપશબ્દોની વૃષ્ટિ થતી હોય તેવા સામાન્ય માનવીના મસ્તકે રાજ્યભિષેક થયો ! પગપાળા ચાલવાની મુશ્કેલી પડતી હતી તેને હવે હાથી-ઘોડા મળી ગયા !!

ભાગ્ય ખીલે છે ત્યારે માણસ ક્યાંથી ક્યાં પહોંચી જાય છે ? જે કલ્પનામાંય ન હોય તે વાસ્તવિકતામાં પરિણમે છે. બીજા લોકોને જ નહીં પરંતુ પોતાને જ આ વાત આશ્ચર્યકારી લાગે છે. દરિદ્રતાના યોગે ચાલી ગયેલી પત્ની જાતે જ પાછી ચાલી આવે છે. સંબંધોને તોડીને ચાલ્યા જનારા-અંતર ઊભું કરી દેનારા, જાણે ઓળખતા જ ન હોય તેવા વર્તનવાળા સંબંધોને પુનઃસ્થાપવા અને દૃઢ બનાવવા દોડ્યા આવે છે ! આ બધો જ  પ્રભાવ-પ્રતાપ શુભકર્મના ઉદયનો છે.

પાપના ઉદયસમયે બીજાના પગમાં પડીને વાતે વાતે કરગરવું પડતું હતું, તેના ચરણોમાં હવે નાના નાના રાજાઓ સુદ્ધાં નમવાં માંડે છે. હડધૂત કરનારા લોકો હવે સન્માન આપવા લાગે છે. તેલના અભાવે લુક્ખાં ખોરાકનાંય ફાંફાં મારવા પડતાં તેને બદલે ઘીથી ભરેલા ઘેબર આરોગવા મળે છે ! જીર્ણ-શીર્ણ વસ્ત્ર શરીરને ઢાંકવા નહોતાં મળતાં તેને બદલે શાલ-દુશાલા ને જરિયાન વસ્ત્રોના ઢગલા થવા લાગે છે. થીંગડાવાળી ગોદડી(કંથા)નાં ઠેકાણાં નહોતા ત્યાં સેજ-તળાઈઓ મળવા લાગે છે. જેનું મોઢું જોવું અપશુકન-અપમંગળ મનાતું હતું...તેનાં દર્શન માટે હવે લાઈનો લાગે છે !

ડગલેને પગલે જેની છલના થતી તેની હવે તેમની જ છડીઓ પોકારાય છે. જેના માથે ઠંડી-ગરમી કે વરસાદમાં રક્ષણ માટે છતનોય  અભાવ હતો...તેના માથે હવે હંમેશા છત્ર ધારણ થવા લાગે છે. અલબત્ત, પોતાના મસ્તકને ઢાંકે તેટલું નહિં પણ દિશાઓનેય ઢાંકી દે એવા વિશાળ છત્રવાળો રાજા બની બેસે છે.આ છે પુણ્યનો પ્રભાવ ! આવા પુણ્ય-પાપથી માત્ર એકાદ વ્યક્તિના જીવનમાં જ નહીં. સૃષ્ટિના ત્રસ-સ્થાવર વગેરેમાં રહેલા... પૃથ્વીકાયથી પંચેન્દ્રિય સુધીના જીવોમાં ક્ષણે ક્ષણે પરિવર્તન આવ્યા જ કરે છે.  માટે જ કહેવાય છે કે કાળ-કર્મ અને જગતનો કોઈ ભરોસો નથી.

જીવોમાં પરિવર્તન લાવનાર કર્મો જગતમાં પણ પરિવર્તન લાવે છે. તેથી એમ પણ કહેવાય છે કે કાળ-કાયા અને જગત પર વિશ્વાસ ન કરવો. તત્ત્વાર્થસૂત્રકાર ભગવાન ઉમાસ્વાતિજી મ.જણાવે છે કે - 'જગત્કાયસ્વભાવૌ ચ સંવેગ-વૈરાગ્યાર્થમ્' - જગતનો સ્વભાવ અને કાયા (શરીર)નો સ્વભાવ જો સાચા અર્થમાં ઓળખાઈ જાય તો તેના પર રાગ કે ભરોસો તો ન થાય પરંતુ તે જ બંને ચીજો આત્મામાં સંવેગ (મોક્ષની તીવ્ર અભિલાષા) અને વૈરાગ્યને વધારનાર થાય.

કાયાને પંપાળવાની જગ્યાએ એ જ કાયાનો કસ કાઢીને મોક્ષમાર્ગની આરાધના માટેના ભાવોમાં ભરતી લાવવાના પ્રયત્નો થાય. કાયાને પંપાળવાથી તો આર્તધ્યાન થાય છે. એ આર્તધ્યાન તિર્યંચ ગતિમાં જીવને ધકેલી દે છે. નજરે દેખાતું જગત રાગ-દ્વેષ કરાવનારું થાય છે. તેની જગ્યાએ જગતના સ્વભાવને વિચારીએ તો વૈરાગ્યનો આવિષ્કાર થાય છે. રાગાદિ દોષો દુઃખની ગર્તા જેવી દુર્ગતિમાં ધકેલી દે છે, જ્યારે વૈરાગ્ય સુખનાં શિખરો સર કરાવે છે. રાગાદિ દોષ છે, જ્યારે વૈરાગ્ય એ ગુણ છે. આત્માને દોષનો ઉકરડો નથી બનાવવાનો પરંતુ ગુણનો મઘમઘાયમાન બગીચો બનાવવાનો છે.

કાયા અને જગતે જીવોને ભટકતા જ રાખ્યા છે. સંસાર તરફ જેની દૃષ્ટિ છે; સંસારનું (જગતનું) જેને આકર્ષણ લાગેલું છે, જેનું મન સંસારના ભાવોમાં અટવાયેલું છે...તેને દેહ-પૈસો અને પરિવાર માટે જ જીવન છે એવું લાગે છે. અને તે ત્રણમાં જ જીવનને વેડફી નાંખે છે. પરિણામે ૪ ગતિ ને ૮૪ લાખ યોનિના પરિભ્રમણથી બહાર નીકળી શકતો નથી.

ટૂંકમાં આ ત્રીજી ગાથાનો સાર એ જ છે કે- જીવનો ભૌતિક અભ્યુદય (ચઢતી) કરાવનાર શુભકર્મનો(પુણ્યનો) ઉદય થાય ત્યારે માણસને ઝીરોમાંથી ક્ષણવારમાં હીરો બનાવી દે છે. પુણ્ય જ તેને વિના પરિશ્રમે ધન-વૈભવ-પરિવાર-સત્તા-પદ-પ્રતિષ્ઠા-માન-સન્માન બધું જ અપાવી દે છે ! શૂન્યમાંથી મહાન સૃષ્ટિનું સર્જન કરાવી દે છે !

પાપના ઉદયે જેમ પોતે જ જમીનમાં દાટેલું ધન (સોનું-ચાંદી વગેરે) કોલસારૂપે થઈ જાય છે...તેમ પુણ્યના ઉદયે માટી-કોલસા પણ સોનું વગેરે સ્વરૂપે થઈ જાય છે! પુણ્યની બેલેન્સ હોય ત્યાં સુધી જ તે ટકે છે, ભોગવાય છે... સાથ-સહકાર આપે છે. ધન-માલ-મિલકત, સત્તા-પદ-પ્રતિષ્ઠા,ઐશ્વર્ય-ઠકુરાઈ વગેરે પુણ્યથી જ મળે છે. પુણ્ય પૂરું થતાં બધું જ ચાલ્યું જાય છે. માટે ધન વગેરેની પાછળ પડવા કરતાં પુણ્યની બેલેન્સ વધારવા જેવી નથી લાગતી ? પુણ્ય પણ પાંગળું ન હોવું જોઈએ. પ્રચંડ અને મજબૂત હોવું જોઈએ. **(ક્રમશઃ)** ધ



## ★ પૂજ્ય ગુરુદેવનાં પાવન પગલે...વચને...(બોરસદ) ★★★

**- સંકલન**

**બોરસદનગરે ઈતિહાસ રચાયો,**
**સમૂહ ૧૫૧ વર્ષીતપ....**
**પારણાં પ્રસંગે ભવ્યાતિભવ્ય ઘરઘોડા સહ**
**સપ્ત દિવસીય ઈક્ષુરસોત્સવ.......**

(સંક્ષિપ્ત ઈતિહાસ)

**ભૂમિકા :** વિ.સં.૨૦૭૮ ની સાલનું પૂજ્યપાદ આગમ-શિલ્પ-વિધિ-વિધાન-વિશારદ આ.ભ.**શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**નું ચાતુર્માસ; પોતાના તારક પૂ.ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક, અખંડબાલબ્રહ્મચારી, ગુરુદેવ પૂજ્યપાદ આ.ભ. **શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**ની જન્મભૂમિ-મસૂર (જિ.સાતારા-મહારાષ્ટ્ર) માં હતું. તે દરમિયાન બોરસદથી **પરેશભાઈ કુમારપાળ બાગરેચાની તથા અતુલભાઈ અશોકભાઈ વાસણવાળાની** વિનંતીસ્વરૂપે સમાચાર આવ્યા કે આપની પાવન નિશ્રામાં, બોરસદના ચારે સંઘોના સામુદાયિક વર્ષીતપનું આયોજન કરવાનું છે...આપ સીધા બોરસદ પધારો... પૂજ્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો. મસૂરથી નીકળી પૂજ્યશ્રી મુંબઈ પધાર્યા. ત્યાં મોટી માંદગીમાંથી બહાર આવેલા પૂજ્યપાદ વર્તમાન ગચ્છાધિપતિ, મહારાષ્ટ્ર શાર્દૂલ આ.ભ.**શ્રીમદ્ વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા**ને શાતા-પૃચ્છા-વંદનાર્થે પધાર્યા . છ દિવસ તેઓશ્રી સાથે રોકાઈને સીધા બોરસદ તરફ વિહાર લંબાવ્યો. લગભગ ક્યાંય રોકાયા વગર બરાબર ૧૦૦ દિવસે મસૂરથી બોરસદ પધાર્યા.

**મંગલ જ મંગલ :** વિહાર કરતાં કરતાં પૂજ્યશ્રી છાણી પધાર્યા...ત્યાં સેંકડો દીક્ષાના સાંનિધ્યદાતા, પંચમચક્રવર્તી, **૧૬મા તીર્થપતિ શાંતિનાથની** સાલગિરી આવી. શ્રીસંઘના અતિઆગ્રહથી ત્રણ દિવસ મહોત્સવમાં નિશ્રા પ્રદાન કરી. વિધિપૂર્વક ધ્વજારોહણ થયું. (છાણીમાં પૂ.ગુરુદેવ આ.ભ.**શ્રીમદ્ વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**નો મહાન ઉપકાર છે. શ્રીસંઘમાં ચાર સમુદાયને માનનારો વર્ગ છે. પરંતુ ચારે વર્ગ પર ઉપકાર વરસાવનારા અને સર્વ માન્ય ગુરુવર તરીકે તે સમયે 'સૂરિમિત્રાનંદ' હતા!)

ધ્વજારોહણનું મંગલ કરીને હજી પ્રયાણ કરે તે પૂર્વે બોરસદથી સ્વ.શ્રીમતી **રેખાબેન કિરીટભાઈ જીવણલાલ બિન રામદાસના સુપુત્ર અંકિતભાઈ** વિનંતિ કરવા આવ્યા. 'સાહેબજી ! ગુરુજી ! મારે મારા માતા-પિતાના આત્મશ્રેયાર્થે

મહોત્સવ કરવાનો છે. આપની જ નિશ્રા જોઈએ છે. અંકિતભાઈની દિલની ભાવના જોઈ અને જિનભક્તિનું મંગલ પણ મળતું હોવાથી તરત જ પૂજ્યશ્રીએ સંમતિ પ્રદાન કરી, જય બોલાવાઈ.'

મહોત્સવ નિમિત્તે પધારતા હોઈ એ પરિવારે વિશિષ્ટ સામૈયું ગોઠવ્યું. સસ્વાગત પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતો બોરસદ કાશીપુરામાં પધાર્યા. પૂજ્યોનાં આગમનથી નગરમાં આનંદ છવાયો. પૂ.આ.ભ.શ્રીજી સંસારીપણે બોરસદના ભાણેજ ગણાય. મતલબ, પૂજ્યશ્રીનું મોસાળ બોરસદ છે. બીજી તરફ પ્રવર્તિની **પૂ.સા.ભદ્રિકાશ્રીજી** મ.બોરસદનગરના જ સુપુત્રી ગણાય...તેથી નગરમાં વિશેષ ઉલ્લાસ હોય એ સ્વાભાવિક છે.

એ મહોત્સવમાં અંકિતભાઈએ મન મૂકીને આર્થિક સદ્વ્યય કર્યો. પૂજ્યશ્રીના જિનભક્તિ-પ્રેરક પ્રવચનોએ એમાં વિવિધ રંગો પૂર્યા. આ જ પરિવારના વડીલોએ વિ.સં.૨૦૦૧ માં **શ્રીશાંતિનાથ જિનાલય** પર કાયમી ધ્વજ ચઢાવવાનો આદેશ; બોલી બોલવા પૂર્વક પૂ.આ.ભ. **શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજા**ની નિશ્રામાં લઈ, તેઓ શ્રીના સાંનિધ્યમાં જ પ્રથમ ધ્વજારોહણ કરેલ. ત્યારથી પ્રત્યેક મહાસુ.૯ ના એ પરિવાર ધ્વજ ચઢાવે છે અને વર્ષગાંઠ ઉજવાય છે.

જિનભક્તિનાં આવાં મંગલ સાથે પૂજ્યોની બોરસદમાં પધરામણી થઈ. સમૂહ વર્ષીતપ માટેની કેટલીક કાર્યવાહી તો પૂજ્યશ્રીના આગમન પૂર્વે જ ચાલુ થઈ ગઈ હતી.

પૂજ્યશ્રીએ પ્રવચનમાં મુખ્યત્વે વર્ષીતપનો જ વિષય લીધો હતો. કાશીપુરામાં તો આ વિષય પર પ્રવચનો થયાં... ઉપરાંત શ્રીસુમિનનાથ જિનાલય (મહાવીરનગર જૈનસંઘ) તથા શ્રીમાળી સંઘ(શામળા પાર્શ્વનાથ જિનાલય) માં પણ પ્રવચનો કર્યાં. રોજ નવા નવા દષ્ટિકોણથી વર્ષીતપનો વિષય ચાલતો રહ્યો.... એક પણ વાતનું પુનરાવર્તન પ્રવચનોમાં થયું નહોતું ! આમ લગભગ ૧ મહિનો પ્રવચનો ચાલ્યાં. બોરસદ ઉપરાંત ધર્મજ અને કાવિઠામાં તો જૈનો ઉપરાંત પટેલો પણ આ પ્રેરણા પામી વર્ષીતપમાં જોડાયા. ખંભાતના ગોસ્વામી ડોક્ટર પણ સજોડે ચાલુ પ્રેક્ટીસમાં જોડાયા. પેટલાદ-આંકલાવના ભાગ્યશાળીઓ પણ સામેલ થયા.

પ્રવચનોના પ્રભાવે સંખ્યામાં સારો વધારો થયો. લાંબાગાળાનો તપ થશે કે નહીં ?... શક્તિ જળવાઈ રહેશે કે કેમ ? ઘરમાં નાનાં બાળકો છે. ઘરમાં કામ કરનાર બીજું કોઈ નથી... વગેરે મુંઝવણોનો ઉકેલ મળી ગયો. ડર નીકળી ગયો. હિંમત આવી ગઈ...! પૂજ્યશ્રીએ ખાસ તો એ જણાવ્યુ કે. સંસારમાં-વ્યવહારમાં-



વ્યાપારમાં-શિક્ષણથી લઈને તમામ ક્ષેત્રોમાં નહીં ને તપધર્મની આરાધનામાં જ નેગેટીવ શા માટે વિચારો છો ? અનંત શક્તિના માલિક આત્મા પર વિશ્વાસ કરો. આગળ વધવા માટે જે તે ક્ષેત્રે સકારાત્મક વિચારધારા મહત્વનો ભાગ ભજવે છે. નકારાત્મક વિચારો જીવને(મનને) નબળું પાડવાનું કાર્ય કરે છે.

પ્રવચનોનાં માધ્યમથી સહુનું સકારાત્મક વલણ બનતું ગયું. સંખ્યામાં વધારો થતો ગયો. કેટલાકને પૂજ્યશ્રીએ એમ પણ જણાવ્યું કે આમાં એક સાથે ૧૪ મહિનાનાં પચ્ચક્ખાણ નથી લેવાનાં. રોજ-રોજનાં પચ્ચક્ખાણ છે. ન થાય તો ગમે ત્યારે પારણું કરી શકાય છે. હિંમત ન હારો...'યા હોમ કરીને પડો...ફતેહ છે આગે...' ની કહેવત યાદ કરીને ઝંપલાવી શકાય. કાયમ તપ કરતા હોય તેમને તો સોપારીના ટુકડા જેવું આ કાર્ય છે. પણ તપનો બિલકુલ અભ્યાસ જ ન હોય તેને માટે એવરેસ્ટનાં શિખર સર કરવા જેવું આ કાર્ય કપરું લાગતું હોય છે. 'હિંમતે મર્દા, તો મદદે ખુદા' જેવી કહેવતો જોમ પૂરવાની વાત કરે છે. દેવ-ગુરુ આપણા માથે-સાથે હોય તો વળી ડર શાનો ? દેવ-ગુરુની કૃપાથી જ ચંપા શ્રાવિકા સળંગ છ મહિનાના (૧૮૦) ઉપવાસ કરી શકતી હોય તો એકાંતરા ઉપવાસવાળો વર્ષીતપ ન થઈ શકે ? વિશ્વાસ-શ્રદ્ધા હોવી જોઈએ.

જોત-જોતમાં તો ફાગણ વ.૭નો દિવસ નજીક આવવા લાગ્યો. તપસ્વીઓ માનસિક તૈયારીમાં લાગવા માંડ્યા. કારણ, શરીરથી તો મોટા ભાગના જીવો સક્ષમ હોય છે. માનસિક પાવર જ ઓછો પડતો હોય છે. શરીરના બળ પર જ મોક્ષ નથી મળતો કે કેવળજ્ઞાન નથી થતું. મનોબળથી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રાપ્ત થાય છે. શરીર અશક્ત હોય, પગ(ઢીંચણ) ઘસાઈ ગયા હોય,ચાલવાની તકલીફ હોય...એવા જીવોય કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા છે. માટે શરીર કરતાંય મનની શક્તિ વધુ કામ આવે છે.

પ્રવચનોની તર્કબદ્ધ અને શાસ્ત્રીય વાતોથી લોકમાનસમાંથી ડર નીકળતો ગયો. મન મજબૂત થતું ગયું. આ કાળમાંય સળંગ ૧૮૦ ઉપવાસ એક વાર નહીં, ૫-૬ વાર કરનાર આચાર્ય હંસરત્નસૂરિમ.ને આલંબન બનાવો. આત્મામાં તો અનંતી શક્તિ છે. તેનો વિચાર કરો....

તપમાં જોડાનારાની સંખ્યા વધતી ગઈ. ૧૫૦ આંકડો પાર થઈ ગયો !

**છટ્ઠનાં પચ્ચક્ખાણથી મંગલ પ્રારંભ :** પ્રભુ ઋષભદેવ ભગવાને ફા.વ.૭ થી છટ્ઠનાં પચ્ચક્ખાણ કરી ફા.વ.૮ ના દિવસે દીક્ષા અંગીકાર કરી. અલબત્ત, દરેક પરમાત્મા દીક્ષાનો તપ એવી રીતે કરે કે - દીક્ષાને દિવસે છેલ્લો ઉપવાસ આવે. બીજે દિવસે પારણું આવે. તે જ શાસ્ત્રીય વિધાન પ્રમાણે, ફા.વ.૭ ના દિવસે

અયોધ્યાનગરીમાં (જે વીશાઓસવાલ સમાજની જૈન વાડી છે. તેને અયોધ્યાનગરીનું સ્વરૂપ આપી, તપનાં સુવાક્યો પૂર્વક શણગારાઈ હતી.) નાણમાં ચઉમુખ ભગવાન પધરાવી, મંગલ માટે બધા ભાગ્યશાળીઓએ ત્રણ પ્રદક્ષિણા દીધી. પૂજ્ય ગુરુભગવંતે નવકારના મંગલ પૂર્વક છઠ્ઠનાં પચ્ચક્ખાણ કરાવ્યાં. છૂટાવાળાએ આ તપસ્વીઓને અક્ષતથી વધાવવા પૂર્વક શુભેચ્છા પાઠવી, મંગલ કામના કરી. સહુએ ગુરુપૂજન કરી ગુરુદેવના આશીર્વાદ લીધા. ગુરુદેવે સૂરિમંત્રથી અભિમંત્રિત વાસક્ષેપ કર્યો.

દેવ-ગુરુના આશીર્વાદ અને સહુની શુભેચ્છાના યોગે પ્રથમ અઠવાડિયામાં જ બે છઠ્ઠ આવવા છતાં ગાડી સડસડાટ આગળ વધી. ૨૦-૨૫-૩૫ વર્ષથી તમાકુ-ગુટખા ખાનારા જીવોય (યુવાનો) પૂ.ગુરુદેવના વચનથી આ તપમાં જોડાયા....! નિર્વિઘ્ને પાર ઊતર્યા ! તે જ રીતે જિંદગીમાં ક્યારેય ઉપવાસ ન કરનાર અથવા ૪૦-૪૦ વર્ષથી તપ ન કરનારાય જોડાયા ! તેઓ પણ સફળ થયા.

પચ્ચક્ખાણ કર્યાબાદ પૂ.ગુરુદેવ સહિત તમામ તપસ્વીઓ વાજતે-ગાજતે શ્રી આદિનાથ જિનાલયે પધાર્યા. ત્યાં ચૈત્યવંદનાદિ ભક્તિનું મંગલ કરી પોતે-પોતાના સ્થાને ગયા. બોરસદમાં પ્રથમ વાર આ રીતે ચારે સંઘોનો ભેગો તપનો પ્રોગ્રામ બન્યો હતો. તેથી બધાને આનંદ હતો. વર્ષીતપ સંકલન સમિતિ (લાભાર્થી પરિવારો) એ પોતાનાં નામો જાહેર કર્યા નહોતા !બધા જ ગુમનામ રહેવા માગતા હતા.

(ક્રમશઃ) ૫

## ★ પૂજ્ય ગુરુદેવનાં પાવન 'પગલે...વચને...(વડેદરા) ★★★

**- સંકલન**

પૂ.ગુરુદેવ આ.ભ.**શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા** આદિ.ઠા.૨ તથા પૂ.પ્રવર્તિની **સા.ભદ્રિકાશ્રીજી** મ.આદિ ઠા.૪ નું વડોદરા-આજવારોડ-કોઠારી આરાધના ભવનનું પ્રભાવક ચાતુર્માસ ઝડપભેર આગળ વધી રહ્યું છે.

આ.સુ.૧ના પૂ.ગાંભીર્યાદિ ગુણનિધિ આ.ભ **શ્રીમદ્વિજય મેઘસૂરીશ્વરજી મહારાજા**ના ગુણાનુવાદ કર્યા હતા.

આસો મહિનાની **શાશ્વતી ઓળી**નું આગમન થયું. કોઠારી પરિવારના **મહાવીરભાઈ અને મુકેશભાઈ**એ પારણા સાથે ઓળીનો લાભ લીધો.

આસો સુ.૬ ના તા.૯-૧૦-૨૦૨૪ બુધવારથી આયંબિલની ઓળી શરૂ થઈ. પૂનમે પૂર્ણાહુતિ થઈ. લાભાર્થી પરિવારે ઓળીના તપસ્વીઓનું ૩૬ નંગવાળા ડીનરસેટથી બહુમાન કર્યું. સામુદાયિક પ્રભાવનાની ટીપના માધ્યમથી રૂ.૩૫૦



ની પ્રભાવના અપાઈ હતી.

**દિવાળીના છઠ્ઠ :** પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી જિનપાર્શ્વકૃપા તપાગચ્છ જૈન સંઘમાં ૫૬ છઠ્ઠ થયા ! દિવાળીના દિવસે સાંજે સામુદાયિક (બધાને લાભ મળે તે ઉદ્દેશથી) ટીપ માંથી ૭૨ સાથિયા, ૭૨ ફળ, ૭૨ નૈવેદ્ય, ૭૨ દીવા, લાખ અખંડ અક્ષતનો સાથિયો અને સવા પાંચ કિલોનો નિર્વાણ મોદક ચઢાવાયો. અક્ષત, નિર્વાણ મોદક, ૭૨ દીવાની આરતી તથા મંગળદીવાના ચઢાવા થયા. ઉદારમના શ્રાવકોએ મોટા ચઢાવા બોલી લાભ લીધો. અંતે પૂજ્યશ્રીએ શ્રી મહાવીરસ્વામીના ચ્યવનથી લઈ નિર્વાણકલ્યાણકની **ધારાબદ્ધ સંવેદના** કરાવી. ભાવિકો રસતરબોળ થઈ ગયા હતા. મુકેશભાઈ કોઠારી તો એવી ભાવધારામાં વહી ગયા કે આખા શરીરમાં ઝનઝનાટી થઈ ગઈ ! જોનારને રીતસટ શરીર ધ્રૂજતું જોવા મળ્યું હતું ! અંતે રૂ.૫૦ની પ્રભાવના આપવામાં આવી.

રાત્રે બંને દેવવંદન થયાં. અમાસને દિવસે (૧૩-૧૪ ના છઠ્ઠવાળાનાં) પારણાં કરવાયાં. અલબત્ત, આસો વ.૧૨ ના સાંજે સામુદાયિક ઉત્તર પારણાં પણ કરાવેલ. ઉત્તર પારણાં-પારણાંનો લાભ **મહાવીરભાઈ મુલતાનમલજી કોઠારી**એ લીધો હતો. તેમના તરફથી તમામ તપસ્વીઓને તાંબાના નળવાળાં મટકાંની પ્રભાવના આપવા દ્વારા બહુમાન થયું. સમુદાયમાં થયેલી ટીપમાંથી રૂ.૪૦૦-૪૦૦ ની પ્રભાવના અપાઈ. તે ઉપરાંત પ્રક્ષાલ ગ્રુપ તરફથી સ્ટીલના ગરમાળાની (હોટબોક્ષ)ની પ્રભાવના અપાઈ હતી.

નૂતનવર્ષની નવલી પ્રભાતે પૂજ્યગુરુદેવે સકલ સંઘને મહામંગલકારી સાત સ્મરણ તથા શ્રીગોતમસ્વામીનો રાસ સંભળાવ્યો. નવા વર્ષના ધર્મલાભ પૂર્વક વર્ષ માટે પાળવાના ૭ નિયમોની વાત કરી. અંતે નાળિયેર,ગોળ નં.૨,લાડુ અને રોકડા ૫૦ રૂ.ની પ્રભાવના અપાઈ.

**ચાતુર્માસપરિવર્તન :** પૂજ્ય આચાર્યભગવંત તથા શ્રમણ-શ્રમણીગણના ચાતુર્માસ પરિવર્તન માટે ઘણી વિનંતિઓ હતી. તેમાંથી પૂજ્યશ્રીએ શાંતાદેવી લાલચંદજી કોઠારી પરિવાર (મહાવીરભાઈ) ની વિનંતી સ્વીકારી. સંઘે 'જય' બોલાવી.

કા.સુ.૨ થી પ્રવચનો નિયમિત ચાલુ જ હતાં. કા.સુ.૫ ના જ્ઞાનપંચમીને દિવસે સવારે ૨૦ મિનિટ પ્રવચન થયું.જ્ઞાન-જ્ઞાનીની આરાધના, જ્ઞાન-જ્ઞાનીની ભક્તિ, જ્ઞાનવિરાધનાનાં માઠાં ફળો, શ્રુતજ્ઞાનની મહત્તા, શ્રુતજ્ઞાન જ બોલતું. તે જ કેવળજ્ઞાનની આવી છે વગેરે વાતો સારગ્રાહી શૈલીથી કરી. ત્યારબાદ ચતુર્વિધ સંઘના ભેગાં જ્ઞાનપંચમીનાં દેવવંદન કર્યા કરાવ્યાં.

કા.સુ.૯ તા.૧૦-૧૧-૨૦૨૪ રવિવારે ; **વડોદરામાં રહેલ નાકોડા જૈન સંઘ** ખાસ પ્રવચન સાંભળવા આવેલ. તેમની પસંદગી પ્રમાણે **'વિજ્ઞાન અને ધર્મ'**

વિષય પર રોચક-પ્રેરક પ્રવચન થયું. તેમાં વિજ્ઞાન કરતાં ધર્મ કેટલો આગળ અને નક્કર છે ? તેને ક્યારેય પોતાનાં 'સ્ટેટમેન્ટ' બદલવાં પડતાં નથી વગેરે વાતો દાખલાદલિલ સાથે ધારદાર રીતે પૂજ્યશ્રીએ રજૂ કરી હતી. શ્રોતાવર્ગ મંત્રમુગ્ધ થઈ ગયો હતો. ૯-૧૫ મિનિટે પ્રવચન પૂરું થયું. કોઠારી પરિવાર તરફથી તમામ શ્રોતાઓની નવકારશીથી ભક્તિ કરવામાં આવી હતી.

કલિકાલનું વર્ણન, આગામી ઉત્સર્પિણીની સમજ, દિવાળી કલ્પના આધારે પ્રવચનમાં અપાઈ. તે કા.સુ.૧૦ના પૂરી થયા બાદ કાર્તિક પૂર્ણિમાનો મહિમા ઉપદેશપ્રાસાદના આધારે સુ.૧૧થી શરૂ થયો.

(ક્રમશઃ) ધ

## ★ વાંચનનું તારણ ★★★

**વર્ષ ૧૯૩૭ની તા.૧૩ ડિસેમ્બર પછીના છ અઠવાડિયા દરમિયાન ચીનના નાનકિંગ શહેરમાં જાપાની સૈનિકોના અધમ અત્યાચારો**

જાપાનના પાટનગર ટોકિયોની ચુઓ યુનિવર્સિટીના હિસ્ટ્રીના એક નામાંકિત પ્રોફેસર યોશિમી યોશિઆકીએ જાપાનીઝ ડિફેન્સ એજન્સીના આર્કાઈવ્સમાં સંશોધન કર્યા બાદ વર્ષ ૧૯૯૧માં જે વિગતો બહાર પાડી તે અત્યંત ચોંકાવનારી અને અત્યંત આઘાતજનક છે.

નાનકિંગ પર આક્રમણ બાદ પશ્ચિમી દેશોએ જાપાની સેનિકો દ્વારા બળાત્કારોની સેંકડો ઘટનાઓ વિશે વિરોધનો જુવાળ ઊભો કર્યો. તેના પ્રત્યાઘાતરૂપે જાપાનીઝ હાઈકમાન્ડે બળાત્કારી સૈનિકોને શિક્ષા કરવાના બદલે ખાનગી રાહે મોટા પાયે "લશ્કરી વેશ્યાવાડા" શરૂ કરાવ્યા.

જાપાની લશ્કરી સત્તાધીશોએ મધ્ય ચીનમાં "કમ્ફર્ટ હાઉસીસ" ("Comfort Houses") ની સવલત માટેના આયોજનનો અમલ શરૂ કરાવી દીધો.

જાપાનની હિસ્ટ્રી પ્રોફેસરે નોંધ્યું છે કે નાનકિંગ યુદ્ધ દરમિયાન સામૂહિક બળાત્કારની સેંકડો શરમજનક ઘટનાઓ પછી ચીન, અમેરિકા અને યુરોપમાંથી ઊઠેલી ટીકાની ઝડીઓથી ગભરાઈને જાપાને (બળાત્કારોની ઘટનાઓ છુપાવવા) Comfort Houses ની સવલત ઊભી કરી.

જાપાની સૈનિકોને શિરપાવરૂપે રૂપાળી ચીની યુવતીઓ મોકલાતી હતી.

હકીકતમાં આ કમ્ફર્ટ હાઉસીસ એ જાપાની સૈનિકો માટેના સત્તાવાર વેશ્યાવાડા જ હતા!

લાંબો સમય સુધી યુદ્ધ મેદાન પર લડતા સૈનિકોને "શિરપાવરૂપે" આ 'કમ્ફર્ટ હાઉસીસ' ની સુવિધા જાપાની લશ્કર પુરું પાડતું હતું.



પાછળથી વિશ્વના દેશોને આની જાણ થઈ ત્યારે પણ જાપાની સરકારે તો આનો ઇન્કાર કરતાં એવી દલીલ કરી હતી કે જાપાનની ઇમ્પિરીઅલ ગવર્નમેન્ટ (જાપાનના સમ્રાટની નિગેહબાની હેઠળની સરકાર) નહીં પણ ખાનગી બિઝનેશમેનો યુદ્ધકાળ વખતે વેશ્યાવાડા ચલાવતા હતા. પરંતુ ખુદ ટોકિયોની ચુઓ યુનિવર્સિટીના પ્રોફેસરે સંશોધન બાદ પુરવાર કર્યું કે આ વેશ્યાવાડા જાપાની લશ્કર જ ચલાવતું હતું.

પહેલું સત્તાવાર "કમ્ફર્ટ હાઉસ" નાનકિંગ શહેર નજીક વર્ષ ૧૯૩૮માં શરૂ કરાયું હતું. સુસંસ્કૃત સમાજના લોકો કલ્પી પણ ન શકે એટલી ખરાબ હાલત અહીં સ્ત્રીઓની કરાતી હતી.

જાપાની સૈનિકોને આ સ્ત્રીઓ નવડાવતી અને સ્નાન કરાવ્યા પછી આખા શરીરે તેમને મસાજ પણ કરી આપવો પડતો હતો.

આ કમ્ફર્ટ હાઉસની યુવતીઓને જાપાની સૈનિકો ટોન્ટમાં 'પબ્લિક ટોઈલેટ' કહેતા હતા. આવી સેંકડો સ્ત્રીઓએ પાછળથી આપઘાત કરીને જીવન ટૂંકાવી દીધાં; કેટલીય સ્ત્રીઓ ગુપ્ત રોગથી રીબાઈને મરી ગઈ તો ઘણી સ્ત્રીઓને ખુદ જાપાની સૈનિકોએ ગોળીથી વિંધી નાંખી હતી.

જાપાનના શીઓડોર કુક નામના એક સ્કોલરે જાપાની સૈનિકોના આટલી હદ સુધીના વિકૃત "માઈન્ડ સેટ" નો તલસ્પર્શી અભ્યાસ અને સંશોધન બાદ છેલ્લે લખ્યું છે કે નાનકિંગમાં જાપાનીઝ સૈનિકોના માઈન્ડ સેટ વિશે સંશોધન કરવું એ અવકાશના Black Holes (બ્લેક હોલ્સ) વિશે સંશોધન કરવા જેવું કઠિન કામ છે.

દિવસો સુધી જાપાની સૈનિકોએ ચીનના નાનકિંગ શહેરની સ્ત્રીઓ પર જે બળાત્કારો ગુજાર્યા અને તે પછી તેમની બેરહમ હત્યાઓ કરી તેની પાછળનું લોજિક આજ સુધી કોઈ હિસ્ટોરિયન કે સ્કોલર સ્વાભાવિક રીતે જ સમજી શક્યા નથી.કારણ, વાસ્તવમાં આવા અધમ કૃત્યો પાછળ "વિકૃત માઈન્ડ સેટ" સિવાય બીજું કોઈ લોજિક હોતું નથી.

સૌથી આઘાતજનક બીજી એક હકીકત એ છે કે નાનકિંગ જાપાની લશ્કરી અધિકારીઓ/સૈનિકો વચ્ચે ચીનાઓને મારી નાંખવાની સ્પર્ધા યોજાતી કે કોણ ટૂંકા સમયમાં વધુમાં વધુ ચીનાઓને મારી નાંખે..! વર્ષ ૧૯૩૭ની સાતમી ડિસેમ્બરના "જાપાન એડવર્ટાઈઝર" નામના અખબારમાં આ અધમ કક્ષાની સ્પર્ધાનો અહેવાલ પ્રસિદ્ધ કરાયો હતો.

એક દિવસ જાપાની લશ્કરના સેકન્ડ લેફ્ટનન્ટ ઓનોએ તેમના તાબાના સૈનિકોને કહ્યું,તમે આજે કોઈની હત્યા નથી..કરી તો ચાલો આજે આપણે મારી નાંખવાની પ્રેક્ટિસ કરીએ. તમારે ચીનાઓ માણસ છે એવું વિચારવાનું જ નહીં, તેઓ બધા કૂતરા-બીલાડાથી પ ઊતરતા છે, એવું તમારે વિચારવાનું છે.હિંમતવાન બનો ! બી બ્રેવ ! આ કિલિંગ પ્રેક્ટિસમાં જે ભાગ લેવા માંગતા હોય તે આગળ આવે.

જાપાની લશ્કરના આક્રમણ અગાઉના સમયગાળામાં નાનકિંગ શહેરની વસ્તી લગભગ ૧૦ લાખ જેટલી હતી,પરંતુ વર્ષ ૧૯૩૭ના ડિસેમ્બર મહિના સુધીમાં શહેરની વસ્તીમાં અડધો અડધ ઘટાડો થઈ ગયો હતો.

નાનકિંગની વસ્તી હવે ભલે દશમાંથી પાંચ લાખની થઈ ગઈ, પણ ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ચીનાઓ શહેરમાં આવી ગયા હતા, જાપાની લશ્કર આક્રમણ કરશે એવા ભયથી ગામડાના લોકો સલામતી માટે શહેરમાં આવી ગયા હતા.

તેઓ એવું વિચારતા કે નાના ગામમાં તેમને રક્ષણ આપનાર કોઈ નથી પણ નાનકિંગની ચારે બાજુ સંરક્ષણ દીવાલો છે, વળી શહેરમાં પોલીસ અને લશ્કરના જવાનો મોટા પ્રમાણમાં હોવાથી તેમને રક્ષણ મળશે.

પણ તેરમી ડિસેમ્બર ૧૯૩૭ના દિવસે જાપાનીઓએ નાનકિંગ પર પોતાનું આધિપત્ય જમાવી દીધું તે પછીનાં છ અઠવાડિયાં સુધી જાપાનના સૈનિકોએ નાનકિંગના પુરુષો,સ્ત્રીઓ અને બાળકો પર જે બેહદ જુલમ ગુજાર્યો તેનો દુનિયામાં બીજે ક્યાંય જોટો જડે તેમ નથી.

હિટલરના નાઝી સૈનિકોના અપકૃત્યોને પણ ઓછા અધમ કહેવડાવે તેવા પ્રકારના અત્યંત અધમ અત્યાચારો જાપાની સૈનિકોએ નાનકિંગમાં ગુજાર્યા હતા. કેવળ ચીની યુદ્ધકેદીઓ જ નહીં પણ નાનકિંગ શહેરના નિર્દોષ સ્ત્રી,પુરુષો તેમજ બાળકો પર જાપાની સૈનિકોએ જે અમાનુષી જુલમ ગુજાર્યા તેની વાતો ભલ ભલાના કાળજા કંપાવી દે તેવી છે...

સેંકડો ચીનાઓને જાપાની સૈનિકોએ જીવતા જ દફન કરી દીધા હતા.

શયતાની મનોવૃત્તિ ધરાવતા જાપાની જવાનો પચાસેક ચીનાઓ પાસે પહેલા તો એક વિશાળ કબર ખોદાવતા'તા.

વાસ્તવમાં જાપાનીઓની શયતાશિયત એટલી તો અધમ કક્ષાની હતી કે જે ચીનાઓ પાસે તેમણે કબર ખોદાવી એ કબરમાં, કબર ખોદાનારાને તેમણે જીવતા જ દફનાવી દીધા...



નાનકિંગમાં તેમની નીચતા કે બદમાશી માત્ર આટલેથી જ અટકી નહોતી. કેટલીક કબરોમાં ચીની નાગરિકોને પૂરેપૂરા દફન કર્યા, પણ અન્ય કેટલીક નાની કબરોમાં ચીની જવાનો, નાગરિકો, કે સ્ત્રીઓને અંદર ઊભા રાખ્યા અને પછી હટ્ટાકટ્ટા ચીની યુદ્ધકેદીઓ પાસે એ કબરોમાં કાંતો કમ્મર સુધી કે ગળા સુધી માટી પુરાણ એ રીતે કરાવ્યું કે કબરમાં ઊભેલા ચીનાઓ તેમની એ સ્થિતિમાંથી જરાકેય આમ કે તેમ ખસકી ના શકે. (ક્રમશઃ) ધ

**પૂજ્ય ગુરુદેવ આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાંનો આગામી સંભવિત કાર્યક્રમ**

- વિ.સં.૨૦૮૧ કા.વ.૨, તા. ૧૭.૧૧.૨૦૨૪ રવિવારે વડોદરાથી વિહાર
- કા.વ.૬, તા.૨૧.૧૧.૨૪ ગુરુવારે નાપાડમાં નગરપ્રવેશ.
- કા.વ.૧૪, તા.૩૦.૧૧.૨૪ થી માગ.સુ.૫, તા.૬.૧૨.૨૪ સુધી નાપાડના જિનાલયની શતાબ્દી નિમિત્તે લઘુશાંતિસ્નાત્રાદિ વિવિધ પૂજનો, ભવ્યરથયાત્રા સમેત રંગારંગ સપ્તાહ્નિક જિનભક્તિ મહોત્સવ.
- માગ.સુ.૬ ના નાપાડથી વિહાર (શંખેશ્વર તરફ)
- માગ.વ.૮, તા.૨૩.૧૨.૨૪ સોમવારે શંખેશ્વર, હાલારી ધર્મશાળામાં પ્રવેશ.
- માગ.વ.૯, તા.૨૪.૧૨.૨૪થી માગ.વ.૧૧, તા.૨૬.૧૨.૨૪ પોષ-દશમીની સામૂહિક આરાધના: શ્રીમતી મીનાક્ષીબેન હીરીલાલ દવાવાળા (ખંભાત,હાલ મુંબઈ) તરફથી.(પારણા-ઉત્તરપારણાં સાથે)
- પો.સુદમાં અમદાવાદ-સાબરમતીમાં પુખરાજ રાયચંદ પરિવાર આયોજિત દીક્ષાનિમિત્તક મહોત્સવમાં નિશ્રાપ્રદાન.
- મહા.સુ.૩, ૪+૫, ૬ તા ૧-૨-૩ ફેબ્રુઆરી શનિ-રવિ-સોમઃ ઈડર-શ્રીનગર સોસાયટીના શ્રીઆદિનાથ જિનાલયની ૨૫ વર્ષની (રજતજયંતી) ઉજવણીનો મહોત્સવ તથા પૂ.સા. હર્ષનંદિતાશ્રીજી મ.ના સંયમજીવનનાં ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે મહોત્સવમાં નિશ્રાપ્રદાન.
- ત્યારબાદ હિંમતનગર થઈ અમદાવાદ-પાલડી પધારશે. આગળનો કાર્યક્રમ અમદાવાદ પધાર્યાબાદ નક્કી થશે.

સંપર્કઃ ૯૪૨૯૦૨૨૦૨૨, ૮૩૩૯૦૯૯૯૯૯

**પતિતપાવન-ત્રિલોકવંદ્ય-શ્રીમુનિસુવ્રત-પાર્શ્વનાથેભ્યો નમઃ**

આ.ભ.વિજયપ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનંદ-પુણ્યપાલ-હેમભૂષણ સૂરીશ્વરેભ્યો નમઃ

**પૂ.આ.ભ.શ્રીમદ્દ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાના**
**સંસારીવતન નાપાડ ગામના**

# શ્રીમુનિસુવ્રત સ્વામી જિનાલયની
# શતાબ્દી નિમિત્તે સપ્તાહ્નિક મહોત્સવ

| મહોત્સવ પ્રારંભ | **ભક્તિ સભર સન્નિમંત્રણમ્** | સાલગિરા |
|---|---|---|
| સં.૨૦૮૧, કા.વ.૧૪ | | સં.૨૦૮૧, મા.સુ.૫ |
| તા.૩૦.૧૧.૨૦૨૪ | | તા.૬.૧૨.૨૦૨૪ |
| શનિવાર | | શુક્રવાર |

**નિસ્તારિણીનિશ્રા**

ચરોતરના અજોડ ઉપકારી,પૂ.ગુરુદેવ **'સૂરિમિત્રાનંદ'** કૃપાપાત્ર પટ્ટધર આગમ-શિલ્પ-વિધિવિધાનવિશારદ, વિશદવ્યાખ્યાનકાર પૂજ્યપાદ

**આ.ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

પૂ.મુનિરાજશ્રી નીતિશેખર વિજયજી મ.

**'સૂરિલબ્ધિ'** સમુદાયના અને **'સૂરિરામચન્દ્ર'** આજ્ઞાવર્તિની પૂ.સા. **સુવ્રત-લાવણ્યશ્રીજી** મ.નાં શિષ્યા-પ્રશિષ્યા પૂ.પ્રવર્તિની સા. **ભદ્રિકાશ્રીજી મ.** , પૂ.સા.**હર્ષનંદિતાશ્રીજી મ.**,પૂ.સા.**કુવલય-માલાશ્રીજી મ.**,પૂ.સા.**પદ્મનંદિતા શ્રીજી મ.**આદિ ઠાણાં

- જ્યાં સંપ્રતિ મહારાજા કાલીન અને મહાપ્રભાવશાળી શ્રીમુનિસુવ્રતસ્વામી તથા શ્રીપાર્શ્વનાથ ભગવાનઃ એમ બે-બે મૂળનાયક ભગવાન વિરાજમાન છે!
- મંગળદીપક સમયે શ્રીપાર્શ્વનાથપ્રભુના મસ્તક પર રહેલું રજત-છત્ર ફરવા લાગે છે!!
- જ્યાં નજીકના ભૂતકાળમાં દેવવાજિંત્ર,નાટારંભ વગેરે સંભળાતાં હતાં..!
- જે નાના ગામના ૯-૯ પુણ્યાત્માઓ સંયમપંથે વળ્યા છે
- જે ગામના ૧૦૦ વર્ષ પૂર્વના ભાવિકોએ પ્રતિષ્ઠા સમયે આસપાસનાં ૧૨ ગામના ૨૫૦૦૦ માણસોને પ્રીતિભોજન કરાવ્યું હતું...!

એ જ ગામમાં જિનાલયનો શતાબ્દી પ્રસંગ આવી રહ્યો છે.



**પ્રસંગની પુણ્યવર્ધક કેડી(ઝાંખી)**

- તા.૨૧.૧૧.૨૪ કા.વ.૬ ગુરુવાર પૂ.ગુરુભગવંતોનો વાજતે-ગાજતે નગર પ્રવેશ.
- તા.૩૦.૧૧.૨૪ કા.વ.૧૪ શનિવાર<br>સવારે કુંભસ્થાપના-દીપક સ્થાપના-જવારારોપણ<br>બપોરે ૨.૦૦ કલાકે સ્નાત્ર મહોત્સવ
- તા.૧.૧૨.૨૪ કા.વ.૩૦ રવિવાર<br>સવારે ૯.૦૦ કલાકે પ્રવચન,૧૦.૦૦ કલાકે સિદ્ધચક્ર પૂજન<br>રાત્રે ૮.૦૦ કલાકે ગિરનારની ગૌરવયાત્રા
- તા.૨.૧૨.૨૦૨૪ મા.સુ.૧ સોમવાર<br>સવારે ૯.૦૦ કલાકે પ્રવચન,૧૦.૦૦ કલાકે શ્રીઋષિમંડલ પૂજન<br>રાત્રે ૮.૦૦ કલાકે અહો, જિનશાસનમ્-ભાવના
- તા.૩.૧૨.૨૦૨૪ મા.સુ.૨ મંગળવાર<br>સવારે ૮.૩૦ કલાકે પ્રવચન<br>સવારે ૯.૩૦ કલાકે ૧૮ અભિષેક<br>રાત્રે ૮.૦૦ કલાકે ધજા-ધજા...મજા-મજા...
- તા.૪.૧૨.૨૪ માગ.સુ.૩ બુધવાર<br>સવારે ૬.૦૦ કલાકે નવ્રહાદિ પાટલા પૂજા<br>સવારે ૯.૩૦ કલાકે લઘુ શાંતિસ્નાત્ર<br>રાત્રે ૮.૦૦ કલાકે મા-બાપને ભૂલશો નહી.
- તા.૫.૧૨.૨૪ મા.સુ.૪ ગુરુવાર<br>સવારે ૮.૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા-પ્રવચન<br>બપોરે ૧૨.૦૦ કલાકે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક પૂજન<br>રાત્રે ૮.૦૦ કલાકે ભક્તિ-ભાવના
- તા.૬.૧૨.૨૪ માગ.સુ.૫ શુક્રવાર<br>સવારે ૮.૩૦ કલાકે સત્તરભેદી પૂજા<br>સવારે ૯.૩૦ ધ્વજારોહણ પર્વોત્સવ

- **રોજ સવારે બહેનોનાં મંગલ પ્રભાતિયાં**
- **ત્રિકાળ શહનાઈવાદન**
- **ત્રણે ટંક સાધર્મિક ભક્તિ**
- **જિનાલયાદિની વિશિષ્ટ સજાવટ ...... આદિ ઘણું બધું...**

# વિષય અને વિષનું અંતર

**विषयाणां विषाणां च , दृश्यन्ते महदन्तरम्।**
**उपभुक्तं विषं हन्ति, विषयाः स्मरणादपि ।।**

પાંચ ઈન્દ્રિયના વિષયો (કામ-ભોગ) અને
વિષ-ઝેર વચ્ચે મોટું અંતર જણાય છે. કારણ,
વિષ ખાવામાં આવે તો જ મારે છે.
જ્યારે વિષયો તો સ્મરણ માત્રથી
પણ મોતને ભેટાવે છે.